અનુસુચિત જાતિના ધોરણ -૧૧ અને ૧૨ માં (વિજ્ઞાન પ્રવાહ સિવાય) અભ્યાસ કરતા વિધાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંક:PMS /10/2015/573560/G

સચિવાલય,ગાંધીનગર

તા.૦૧/૧૨/૨૦૧૬

વંચાણે લીધો(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: **PMS /10/2015/573560/G**

<u>સુધારા ઠરાવ:-</u>

અનુસુચિત જાતિના ધોરણ -૧૧ અને ૧૨ માં (વિજ્ઞાન પ્રવાહ સિવાય) અભ્યાસ કરતા વિધાર્થીઓને શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય આપવા બાબત બાબતે સંકલિત ઠરાવમાં વંચાણ (૨) પર ઉલ્લેખ કરેલ વિભાગના તા.૨૮/૦૩/૨૦૨ નો ઠરાવ ક્રમાંક:પીએમએસ/૧૦૨૦૦૦/ન.બા-૧૦/ગ, વિજ્ઞાન પ્રવાહ શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય યોજના સંબધિત છે જે વંચાણમાં થી રદ કરવામાં આવે છે અને સંકલિત ઠરાવની શરત નં (૧) માં પણ "ધોરણ-૧૧ માં વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચ જેટલી સહાય અને ધોરણ -૧૨ માં વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચ જેટલી સહાય વર્ષમાં એકવાર ચુકવવામાં આવશે "તેમ દર્શાવેલ છે તેના બદલે સુધારીને "ધોરણ- ૧૧ માં વાર્ષિક રૂ. ૮,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચ જેટલી સહાય અને ધોરણ-૧૨ માં વાર્ષિક રૂ. ૪,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચ જેટ્લી સહાય વર્ષમાં એકવાર ચુકવવામાં આવશે" તે મુજબનો સુધારો વાંચવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિષ્ણુ પટેલ)

ઉપસચિવ,

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.